## YIZUMI ADVANCED PROCESSING TECHNOLOGY PRIVATE LIMITED

**CIN: U29230GJ2019FTC108825**

Regd. Office : Plot No. 1062+1063, GIDC Sanand-II Industrial Estate, Ahmedabad-382170, Gujarat, India

E: yzmapt@yizumi.com P: 7574848213 W: www.yizumi.com


**નેશનલ કંપની લૉ ટ્રિબ્યુનલ સમક્ષ,**

**અમદાવાદ બેન્ચ**

**સી એ (સીએએ) નં. ૬૩/એએચએમ/૨૦૨૩**

**કંપની કાયદો ૨૦૧૩ ની બાબતમાં**

અને

કલમ ૨૩૦થી ૨૩૨ ની બાબતમાં કંપની કાયદો ૨૦૧૩ ની કલમ ૬૬ અને ૫૨ સાથે અન્ય લાગુ જોગવાઈઓ સાથે વંચાણે લઈને

અને

યિઝુમી પ્રિસિજન મશીનરી (ઇન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડ ("ટ્રાન્સફરર કંપની") ની યિઝુમી એડવાન્સ પ્રોસેસિંગ ટેકનોલોજી પ્રાઈવેટ લિમિટેડ ("ટ્રાન્સફરી કંપની") અને તેમના સંબંધિત શેરધારકો ("સ્કીમ") ની વિલિનીકરણની યોજના (એબ્સોર્પ્શન મારફતે) ની બાબતમાં.

યિઝુમી એડવાન્સ પ્રોસેસિંગ ટેકનોલોજી પ્રાઈવેટ લિમિટેડ
સીઆઈએનઃ **U29230GJ2019FTC108825**
કંપની કાયદો ૨૦૧૩ ની જોગવાઈ હેઠળ કંપની રજીસ્ટર્ડ થયેલ જેમની રજીસ્ટર્ડ ઓફીસનું સરનામું પ્લોટ નં. ૧૦૬૨ અને ૧૦૬૩, જી.આઈ.ડી.સી. સાણંદ-૨ ઔદ્યોગિક વસાહત, તા. સાણંદ, જિલ્લો. અમદાવાદ, ગુજરાત રાજ્યમાં ૩૮૨૧૭૦...... અરજદાર ટ્રાન્સફરી કંપની

## યિઝુમી એડવાન્સ પ્રોસેસિંગ ટેકનોલોજી પ્રાઈવેટ લિમિટેડ ના ઇક્વિટી શેરધારકો, તારણવાળા લેણદારો અને બિનતારણવાળા લેણદારો ની સભા અંગેની નોટિસ અને નોટિસની જાહેરાત

માનનીય નેશનલ કંપની લૉ ટ્રિબ્યુનલ અમદાવાદ બેંચ (એનસીએલટી) ના ૧૩ ડિસેમ્બર ૨૦૨૩ ના આદેશ મુજબ નોટિસ આપી જણાવવામાં આવે છે કે યિઝુમી એડવાન્સ પ્રોસેસિંગ ટેકનોલોજી પ્રાઈવેટ લિમિટેડ ("અરજદાર-ટ્રાન્સફરી કંપની") નું યિઝુમી પ્રીસીસન મશીનરી (ઇન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડ (ટ્રાન્સફરર કંપની) સાથે વિલિનીકરણ (એબ્સોપર્શન દ્વારા) કરવાની યોજનાની વિચારણાના હેતુ માટે અને જો યોગ્ય લાગે તો આ રીતે અથવા જો યોગ્ય ના લાગે તો સુધારા(ઓ) સાથે આ યોજના યિઝુમી એડવાન્સ પ્રોસેસિંગ ટેકનોલોજી પ્રાઈવેટ લિમિટેડ ("અરજદાર ટ્રાન્સફરી કંપની") ના ઇક્વિટી શેરધારકો, તારણવાળા લેણદારો અને બિનતારણવાળા લેણદારો ની અલગ સભા યોજવા નિર્દેશ કરવામાં આવે છે.

ઉપરોક્ત હુકમના અનુસંધાનમાં અને તેમાં આપેલાં નિર્દેશ મુજબ, વધુ સુચના આપવામાં આવે છે કે, અરજદાર કંપનીના ઇક્વિટી શેરહોલ્ડરો, તારણવાળા લેણદારો અને બિનતારણવાળા લેણદારો ની અલગ અલગ સભા અનુક્રમે (ભારતીય સમયાનુસાર) બપોરે ૨-૦૦ વાગ્યે, ૩-૦૦ વાગ્યે અને ૪- ૦૦ વાગ્યે તારીખ ૨૯ જાન્યુઆરી, ૨૦૨૪ ને સોમવારના રોજ વીડિયો કોન્ફરન્સિંગ (VC) પદ્ધતિ દ્વારા યોજાશે. ઉપરોક્ત કંપનીના ઇક્વિટી શેરહોલ્ડરો, તારણવાળા લેણદારો અને બિન તારણવાળા લેણદારો ને નીચે આપેલી વિગતો અનુસાર તેમાં હાજર રહેવા વિનંતી છે.

આ વિલિનીકરણ (એબ્સોપર્શન દ્વારા) યોજનાની કોપી કંપની કાયદો ૨૦૧૩ ની કલમ ૨૩૦ હેઠળ સ્પષ્ટતા નિવેદન વિનામુલ્યે સવારે ૧૧-૦૦ થી બપોરે ૧-૦૦ સુધી તમામ કામકાજના દિવસોમાં અરજદાર- ટ્રાન્સફરી કંપનીની રજીસ્ટર્ડ ઓફીસ અને / અથવા એડવોકેટ શ્રીમતિ સ્વાતી સોપારકરની ઓફિસ ૩૦૧, શિવાલીક ૧૦, એસબીઆઈ ઝોનલ ઓફીસ સામે, એક્સાઈઝ ઓફીસ પાસે,, એસ એમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫ ગુજરાત ખાતે મેળવી શકાશે.

માનનીય એનસીએલટીએ ડૉ: દીપ્તિ મુકેશની ઉપરોક્ત બેઠકોના અધ્યક્ષ (ચેરપર્સન) તરીકે નિમણૂંક કર્યા છે, તથા કંપની સેક્રેટરી શ્રી વિનિત નાગરને સભા દરમિયાન ઈ વોટિંગ પ્રક્રિયા દ્વારા ઈ-વોટીંગની ચકાસણી કરવા માટે સ્કૂટિનાઇઝર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

વિલિનિકરણની યોજના (અબ્સોપર્શન દ્વારા) જો આ સભામાં મંજૂર થશે તો ત્યારબાદ નિયમનકારી અધિકારીઓ અને ટ્રીબ્યુનલની મંજૂરી ને આધીન રહેશે.

આ સાથે અરજદાર ટ્રાન્સફરી કંપનીના ઇક્વિટી શેરહોલ્ડરો તથા લેણદારોને વધુ નોટિસ આપવામાં આવે છે કેઃ

૧. એનસીએલટી એ ૧૩ ડિસેમ્બર, ૨૦૨૩ ના આદેશમા આપેલ નિર્દેશ અને કલમ ૨૩૦(૪) ને કંપની કાયદો ૨૦૧૩ ની કલમ ૧૦૮ ની જોગવાઈ સાથે વંચાણે લઈને, ઉપરોકત નોટિસમાં દર્શાવેલ કામકાજની બાબતમાં સંબંધીત સભાના સમયમાં શેરહોલ્ડર્સ, તારણવાળા લેણદારો અને બિન તારણવાળા લેણદારોએ ઈ-વોટીંગ સગવડતાનો ઉપયોગ કરવાનો રહેશે. કંપની આ સગવડતા સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ (ઇન્ડિયા) લિમિટેડ (સીડીએસએલ) દ્વારા ઈ-વોટીંગ પ્લેટફોર્મથી પૂરી પાડશે. ૨૨ ડિસેમ્બર ૨૦૨૩ ની આ તારીખથી નોટિસમાં ઈ-વોટીંગ માટેની જરૂરી સુચનાઓ આપવામાં આવશે..

૨. સંબંધિત લેણદારોનો મતદાન અધિકાર તારીખ ૩૦મી નવેમ્બર ૨૦૨૩ ના રોજ દેવાના મૂલ્યના પ્રમાણમાં રહેશે.

૩. ટ્રીબ્યુનલ ની સુચના પ્રમાણે યોજાનારી શેરહોલ્ડરર્સ, તારણવાળા લેણદારો અને બિન તારણવાળા લેણદારો ની સભાઓ અંગેની નોટિસ અરજદાર કંપની તરફથી ૨૨ ડિસેમ્બર ૨૦૨૩ ના રોજ ઇ-મેઈલ દ્વારા મોકલવામાં આવી છે.

૪. સભા દરમિયાન, તારીખ ૭૦મી નવેમ્બર ૨૦૨૩ સુધીના કંપનીના ઇક્વિટી શેરહોલ્ડરો, તારણવાળા લેણદારો અને બિન તારણવાળા લેણદારો મતદાન કરી શકશે. ઈ-વોટિંગ દ્વારા મતદાન સભા શરૂ થયાના એક કલાકથી વધુ સમય આપવામાં આવશે નહીં. ત્યારબાદ મતદાન માટે સીડીએસએલ દ્વારા ઇ-વોટિંગ મોડ્યુલને નિષ્ક્રિય કરવામાં આવશે.

૫. નોટિસ મોકલ્યા બાદ કોઈ વ્યક્તિ કંપનીનો લેણદાર બને અને સભાના દિવસે બાકી દેવું હોય તેવી કોઈપણ વ્યક્તિ કંપનીના એકાઉન્ટ મેનેજર શ્રી હિતુલ પટેલને પત્ર લખી અથવા મેઈલ કરી (hitul.patel@yizumi.com) લોગિનની વિગતો મેળવી શકે છે.

૬. એન.સી.એલ.ટી. દ્વારા બોલાવવામાં આવેલી સભાની નોટિસ કંપનીની વેબસાઇટ - www.yizumi.com/en પર ઉપલબ્ધ છે.

૭. સ્કુટીનાઈઝરે સભાના અધ્યક્ષને સભાના સમાપન પછી, ઠરાવની તરફેણમાં અથવા તેની વિરુદ્ધમાં પડેલા કુલ મતોનો એકીકૃત સ્કુટીનાઈઝરનો અહેવાલ સુપરત કરવાનો રહેશે. આ પરિણામો અરજદાર ટ્રાન્સફરર કંપનીની રજિસ્ટર્ડ ઓફિસમાં પ્રદર્શિત કરવામાં આવશે અને અરજદાર ટ્રાન્સફરી કંપનીની વેબસાઈટ- www.yizumi.com/en પર સ્કુટીનાઈઝરના રિપોર્ટ સાથે પ્રદર્શિત કરવામાં આવશે.

૮. ઈ-વોટિંગ સાથે સંકળાયેલી કોઈ પણ ફરિયાદના કિસ્સામાં સભ્યો, શ્રી નીતિન કુંદર (૦૨૨-૨૩૦૫૮૭૩૮) અથવા શ્રી મહેબૂબ લાખાણી (૦૨૨-૨૩૦૫૮૫૪૩) અથવા શ્રી રાકેશ દલવી (૦૨૨-૨૩૦૫૮૫૪૨) નો સંપર્ક કરી શકે છે. નિર્ધારિત ઈમેઈલ આઈડી પર સીડીએસએલઃ helpdesk.evoting@cdslindia.com અથવા ટેલિફોન નંબર ૧૮૦૦૨૦૦૫૫૩૩ પર. વધુમાં ઇ-વોટિંગ સંબંધિત કોઇ પણ પ્રશ્ન કે સમસ્યાના કિસ્સામાં શેરધારકો મદદના વિભાગ હેઠળ www.evotingindia.com પર ઉપલબ્ધ વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQ) અને ઇ-વોટિંગ મેન્યુઅલનો સંદર્ભ લઇ શકે છે અથવા helpdesk.evoting@cdslindia.com ઇમેઇલ લખી શકે છે.

અધિકૃત ડિરેક્ટર

સ્થાનઃ અમદાવાદ

પશ અનિલભાઈ શાહ